# Kamlesh D. Khunt

B.Com., LL.B.

**ADVOCATE & NOTARY**

**( Govt. of INDIA )**

**Mo. : 98253 74551**


૧..

તારીખ : ૦૧/૧૨/૨૦૨૨

## ॥ <u>ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ</u> ॥

આથી હમો એડવોકેટ **શ્રી કમલેશ ડી ખુંટ,** તે **॥ તવરા ડેવલોપર્સ ॥** નામની ભાગીદારી પેઢીના તરફથી મળેલ સુચના અને ફરમાયેશ અન્વયે નીચે જણાવેલ વર્ણનવાળી મિલકત અંગે જરૂરી મારા તરફથી નીચે મુજબ ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ આપવામાં આવે છે.

NOTARY KAMLESH D. KHUNT SURAT CITY (GUJ) REG. NO. 22057 EXPIRY DATE 28-05-2026 GOVT. OF INDIA

### -:: <u>મિલકતનું વર્ણન</u> ::-

ભરૂચ ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ભરૂચ તાલુકાનાં **મોજે ગામ : તવરાના રેવન્યુ સર્વે/બ્લોક નંબર :૧૫૧** ( કે.જે.પી. બાદ રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૧૫૧/૧ થી ૧૫૧/૫૨ થી નોંધાયેલ જમીન કે જેનુ કુલ્લે ક્ષેત્રફળ ૧૦,૪૦૦.૦૦ ચો.મી. કે જેનો બૌડા દ્વારા કપાત બાદ મંજુર થયેલ પ્લાન મુજબ કાયમ કરેલ ૬૨૪૦.૦૯ ચો.મી. જમીન મિલકત તથા સીટી સર્વે દફતરે સીટી સર્વે ભરૂચ, વોર્ડ : તવરા (બીનખેતી), સીટી સર્વે નં. એનએ૧૫૧/૧ થી એનએ૧૫૧/૫૦ કે જેનું કુલ્લે ક્ષેત્રફળ ૬૨૪૦.૦૯ ચો.મી. કે જેના એકત્રીકરણ બાદ નવો **સીટી સર્વે નં. એનએ૧૫૧/૧** અને તે મુજબ ક્ષેત્રફળ **૬૨૪૦ ચો.મી.** છે તે બિનખેતી થયેલ જમીન મિલકત તથા તેને લાગતા-વળગતા અંદરના તથા બહારના તમામ હકક-અધિકાર સહિત દરોબસ્ત.

ઉપરોકત જમીન-મિલકત અંગેના રેવન્યુ રેકર્ડ તથા મારી રૂબરૂ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા માલુમ પડે છે કે....

ભરૂચ ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ભરૂચ તાલુકાનાં મોજે ગામ : તવરાના રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૧૫૧ થી નોંધાયેલી બાલુભાઇ કલાણભાઇ, કાશીબેન તે કલાણભાઇ પરસોતમભાઇની પુત્રી તથા જડીબેન કલાણભાઇનાઓના નામે માલીકી કબજા ભોગવટા વહીવટ હેઠળની ચાલી આવેલ હતી.

ત્યારબાદ સદરહું જમીનના માલિકો પૈકી બાલુભાઇ કલાણભાઇનું તારીખ : ૨૬/૦૭/૧૯૮૪ ના રોજ અવસાન થતાં, તેમના કાયદેસર સીધીલીટીના વારસદાર તરીકે ગૌરીબેન તે બાલુભાઇ કલાણની વિધવા, કાલીદાસ બાલુભાઇ, દેવજીભાઇ બાલુભાઇ, નાગજીભાઇ બાલુભાઇ, નટવરભાઇ બાલુભાઇ, ચંદુભાઇ બાલુભાઇ, જમનાબેન બાલુભાઇ, મંજુબેન બાલુભાઇ, જશોદાબેન બાલુભાઇ તથા સગીર ચંદ્રમણીબેન બાલુભાઇના વાલી તરીકે ગૌરીબેન બાલુભાઇના નામો વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલ, જે વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૮૯૪ થી તારીખ : ૨૦/૦૮/૧૯૮૪ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલિકો પૈકી જમનાબેન બાલુભાઇ, મંજુબેન બાલુભાઇ, જશોદાબેન બાલુભાઇઓએ સદરહું જમીનમાંથી સ્વેચ્છાએ પોતાનો હકક હિસ્સો ઉઠાવી લેવાથી રેવન્યુ રેકર્ડ ઉપરથી તેઓના નામો કમી કરવામાં આવેલ, જે નામ કમી અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૮૯૫ થી તારીખ : ૨૦/૦૮/૧૯૮૪ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ મોજે : તવરા ગામની જમીનો અંગે સરકારશ્રી તરફથી એકત્રીકરણ યોજના હેઠળ એકત્રીકરણ કરતા રેવન્યુ સર્વે નંબર : ૮૪૦/૩/૧, ૭૬૨/૧, ૭૮૬ તથા ૯૭ વાળી જમીનને બ્લોક નંબર : ૧૫૧ ફાળવવામાં આવેલ અને જે એકત્રીકરણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૩૯૯૧ થી તારીખ : ૦૪/૦૨/૧૯૮૭ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણિત થયેલ.

**Kamlesh D. Khunt**
B.Com., LL.B.
**ADVOCATE & NOTARY**
**( Govt. of INDIA )**
**Mo. : 98253 74551**

૨

ત્યારબાદ સદર જમીનનુ રેકર્ડ હસ્તલિખીતમાંથી કોમ્પ્યુટરાઇઝડ થતા, રેકર્ડ ક્ષતિના કિસ્સા માટે ભુલ સંબધે મે.મામલતદાર સાહેબશ્રી ભરૂચના હુકમ નંબર : એલ-આર-સી/રેકર્ડ/પ્રમોલગેશન/વશી, તા.૦૯/૦૮ ના રોજ હુકમ થયેલ, જે પ્રમોલગેશન સુધારા અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૭૭૪૩ થી તારીખ : ૦૧/૦૧/૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૧૯/૦૨/૨૦૦૯ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલિકો પૈકી દેવજીભાઇ બાલુભાઇનું તારીખ : ૦૨/૧૨/૨૦૦૭ ના રોજ અવસાન થતાં, તેમના કાયદેસર સીધીલીટીના વારસદાર તરીકે નંદુબેન તે દેવજીભાઇ બાલુભાઇ પટેલની વિધવા, શૈલેષકુમાર દેવજીભાઇ પટેલ, મહેશકુમાર દેવજીભાઇ પટેલ તથા રાજુભાઇ દેવજીભાઇ પટેલના નામો વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલ, જે વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૮૩૭૨ થી તારીખ : ૧૯/૧૨/૨૦૧૦ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલિકો પૈકી કાશીબેન તે કલાણભાઇ પરસોતમભાઇની પુત્રી તથા જડીબેન કલાણભાઇનાએ સદરહું જમીનમાંથી હકક ઉઠાવી લેવાના કરારની રૂએ પોતાનો હકક હિસ્સો જતો કરેલ હોવાથી તેમના નામો રેવન્યુ રેકર્ડ માંથી કમી કરવામાં આવેલ, તેમજ સદરહું જમીનના માલિકો પૈકી ગૌરીબેન તે બાલુભાઇ કલાણભાઇની વિધવાનું તારીખ : ૨૪/૦૨/૨૦૦૩ ના રોજ અવસાન થતાં, તેમના વારસદારોના નામો અગાઉથી રેવન્યુ રેકર્ડમાં ચાલી આવેલ હોવાથી તેમનું નામ કમી કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૮૩૮૩ થી તારીખ : ૨૫/૧૨/૨૦૧૦ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૧૨/૦૨/૨૦૧૧ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલિકો મહેશકુમાર દેવજીભાઇ પટેલ, રાજુભાઇ દેવજીભાઇ પટેલ, ચંદ્રમણીબેન બાલુભાઇ, કાલીદાસ બાલુભાઇ, નટવરભાઇ બાલુભાઇ, નાગજીભાઇ બાલુભાઇ, શૈલેષકુમાર દેવજીભાઇ પટેલ, ચંદુભાઇ બાલુભાઇ, નંદુબેન તે દેવજીભાઇ પટેલની વિધવા પાસેથી સદરહું જમીન જગદીશભાઇ પરસોત્તમભાઇ પટેલ, ભગવાનભાઇ ભાયજીભાઇ સોલંકી તથા બીપીનભાઇ જગનભાઇ સોલંકીનાઓએ વેચાણ રાખેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી (ભરૂચ)ની કચેરીમાં અનુક્રમ નંબર : ૩૨૨૮/૨૦૧૧ થી તારીખ : ૨૩/૦૩/૨૦૧૧ ના રોજ નોંધાયેલ. જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૮૪૯૨ થી તારીખ : ૨૩/૦૩/૨૦૧૧ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત થયેલ. તેમજ સદર નોંધ નંબર : ૮૪૯૨ ને અસર આપતા વેચાણ લેનાર પૈકી બીપીનભાઇ જગદીશભાઇ સોલંકી નું ખોટુ નામ દાખલ થયેલ જેમનું ખરૂં નામ બીપીનભાઇ જગનભાઇ સોલંકી છે જે નામ સુધારા અંગે નોંધ માટે રેવન્યુ રેકર્ડ ઉપર વેચાણ તરીકે બીજી વાર નોંધ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૮૫૨૩ થી તારીખ : ૦૫/૦૫/૨૦૧૧ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૨૮/૦૬/૨૦૧૧ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલિકો પૈકી ભગવાનભાઇ ભાયજીભાઇનું તારીખ : ૩૦/૧૧/૨૦૧૨ ના રોજ અવસાન થતાં, તેમના કાયદેસર સીધીલીટીના વારસદાર તરીકે સજનબેન તે ભગવાનભાઇ ભાયજીભાઇ સોલંકીની વિધવા, સંગીતાબેન ભગવાનભાઇ સોલંકી, અલકાબેન ભગવાનભાઇ સોલંકી, કલ્પનાબેન ભગવાનભાઇ સોલંકી, ભીખુભાઇ ભગવાનભાઇ સોલંકી, જાગૃતિબેન ભગવાનભાઇ સોલંકી તથા કાર્તિકભાઇ ભગવાનભાઇ સોલંકી નાઓના નામો વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલ, જે વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૯૪૪૫ થી તારીખ : ૦૬/૦૫/૨૦૧૩ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત થયેલ.

3..

ત્યારબાદ સદરહું જમીનના માલિકો પૈકી સજનબેન તે ભગવાનભાઇ ભાયજીભાઇ સોલંકીની વિધવા, સંગીતાબેન ભગવાનભાઇ સોલંકી, અલકાબેન ભગવાનભાઇ સોલંકી, કલ્પનાબેન ભગવાનભાઇ સોલંકી, ભીખુભાઇ ભગવાનભાઇ સોલંકી તથા જાગૃતિબેન ભગવાનભાઇ સોલંકીઓએ પોતાના હકક હિસ્સો જતો કરેલ, જે અંગેનો લેખ મહે. સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી(ભરૂચ)ની કચેરીમાં અનુક્રમ નંબર : ૮૨૭૩ થી તારીખ : ૧૬/૧૦/૨૦૧૪ ના રોજ નોંધાયેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૧૦૧૧૫ થી તારીખ : ૧૦/૧૧/૨૦૧૪ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત થયેલ.

રહેણાંકના હેતુ બીનખેતી માટે મહે. કલેકટરશ્રી, ભરૂચ દ્વારા તેમના હુકમ ક્રમાંક : ભુમી/બી.ખે./વશી/૮૫૫૮ થી ૮૫૬૪ થી તારીખ : ૦૫/૧૧/૨૦૧૮ ના રોજ સદરહું જમીનને રહેણાંકના હેતુ બીનખેતીની પરવાનગી આપવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૧૧૦૬૯ થી તારીખ : ૦૬/૧૧/૨૦૧૮ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૧૩/૧૨/૨૦૧૮ ના રોજ પ્રમાણીત થયેલ. તેમજ, સદરહું બ્લોક નંબર : ૧૫૧ વાળી જમીનમાં પ્લાન મંજુર માટે ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ અધિકારી, ભરૂચ દ્વારા તેઓનાં હુકમ ક્રમાંક નંબર : બૌડા / બાંધકામ પરવાનગી/ બીએચ-૧૨૮૭/ વશી/ ૪૪૨ થી ૪૪૫ તથા બાંધકામ પરવાનગી નંબર : ૧૧૭૯, તારીખ : ૧૮/૦૨/૨૦૧૯ ના રોજથી મંજુર કરી, તેના બાંધકામ અંગેની પરવાનગી આપવામાં આવેલ.

ત્યારબાદ મે. કલેકટર સાહેબ ભરૂચના હુકમ ક્રમાંક : ભુમી/બિ.ખે./વશી/ ૮૫૫૮ થી ૮૫૬૪ તારીખ : ૦૫/૧૧/૨૦૧૮ ના રોજના બિનખેતી હુકમ મુજબ ડી.આઈ.એલ.આર શ્રી ભરૂચનાં પત્ર ક્રમાંક : કે.જે.પી./એસ. આર.નં.૨૧૩/૧૯-૨૦ થી તારીખ : ૨૭/૦૭/૨૦૧૯ ના રોજ દુરસ્તી પત્રક નંબર : ૧૧૬ થી સદરહું બ્લોક નંબર ૧૫૧ વાળી જમીનને મંજુર પ્લાન મુજબ પ્લોટોના ૭/૧૨ ના પાનિયા અલગ કરવામાં આવેલ, જે કે.જે.પી. દુરસ્તી અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૧૧૨૭૬ થી તારીખ : ૨૪/૦૭/૨૦૧૯ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત થયેલ અને એ રીતે મજકુર રે.સ./બ્લોક નં. ૧૫૧ વાળી જમીનનો રેવન્યુ રેકર્ડ કેજેપી બાદ રે.સ./બ્લોક નં. ૧૫૧/૧ થી ૧૫૧/ ૫૨ બનેલ.

ભરૂચ ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ભરૂચ તાલુકાનાં **મોજે ગામ : તવરાના રેવન્યુ સર્વે/બ્લોક નંબર :૧૫૧** ( કે.જે.પી. બાદ રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૧૫૧/૧ થી ૧૫૧/૫૨) થી નોંધાયેલ જમીન કે જેનુ કુલ્લે ક્ષેત્રફળ ૧૦,૪૦૦.૦૦ ચો.મી. છે, સદરહુ કુલ્લે જમીન અંગે રીવાઇઝડ પ્લાન મંજુર કરાવવા માટે રે.સ. / બ્લોક નં. ૧૫૧ યાને કે.જે.પી. બાદ રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૧૫૧/૧ થી ૧૫૧/૫૨ થી નોંધાયેલ કુલ્લે જમીન કે જેનુ ક્ષેત્રફળ ૧૦૪૦૦ ચો.મી. છે તે બિનખેતી થયેલ જમીનના રેવન્યુ રેકર્ડ મુજબના ૭/૧૨ ના અલગ અલગ પાનીયા એકત્ર કરવા માટે થઇને ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચને અરજી કરતા તેમના ક્રમાંક : બૌડા/ઝેડ-૫/એકત્રીકરણ/ફા.નં. ૦૭-૨૨/ સિં.વિ./વશી/૨૫૦૨ થી તારીખ : ૦૮/૦૮/૨૦૨૨ ના રોજથી શહેરી વિકાસ યોજના હેઠળ જરૂરી કપાત બાદ થયા બાદ પ્લોટ નં. ૧૫૧/૧ થી પ્લોટ નં. ૧૫૧/૪૯ અને પ્લોટ નં. ૧૫૧/૫૨ થી નોંધાયેલ ૬૨૪૦.૦૯ ચો.મી. જમીન એકત્ર કરવામાં આવેલ છે.

ત્યારબાદ રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૧૫૧ યાને કે.જે.પી. બાદ રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૧૫૧/૧ થી ૧૫૧/૫૨ થી નોંધાયેલ કુલ્લે ૧૦૪૦૦ ચો.મી. જમીન અંગે ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ દ્વારા શહેરી વિકાસ યોજના હેઠળ જરૂરી કપાત બાદ ૬૨૪૦.૦૯ ચો.મી. ક્ષેત્રફળ માન્ય કરી તે ક્ષેત્રફળવાળા પ્લોટ નં. ૧૫૧/૧ થી પ્લોટ નં. ૧૫૧/૪૯ અને પ્લોટ નં. ૧૫૧/૫૨ વાળી જમીન અંગે એકત્રીકરણ કરી, એમોલગેશન પ્લાન મંજુર કરી આપેલ છે અને તે એમોલગેશન પ્લાન મુજબ કેજેપી બાદના સદરહુ રે.સ./ બ્લોક નં. ૧૫૧/૧ થી ૧૫૧/૪૯, તથા ૧૫૧/૫૨ થી નોંધાયેલ ૬૨૪૦.૦૯ ચો.મી. જમીન અંગે ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ દ્વારા તેમના હુકમ ક્રમાંક : બૌડા/બાંધકામ પરવાનગી/ફા.નં.

**Kamlesh D. Khunt**
B.Com., LL.B.
ADVOCATE & NOTARY
( Govt. of INDIA )
Mo. : 98253 74551



૧૪૫૭/સિં.વિ./વશી/૨૬૧૩ થી ૨૬૧૬ તથા બાંધકામ પરવાનગી નં. : ૧૪૧૨, તારીખ : ૧૭/૦૮/૨૦૨૨ ના રોજથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અન્વયે જરૂરી પ્રબધો હેઠળ રેસીડેન્શીયલ ઓફોર્ડેબલ હાઉસીંગના હેતુ માટે પ્લાન મંજુર કરી, બાંધકામની પરવાનગી આપવામાં આવેલ.

ત્યારબાદ રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૧૫૧ યાને કે.જે.પી. બાદ રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૧૫૧/૧ થી ૧૫૧/૫૨ થી નોંધાયેલ કુલ્લે ૧૦૪૦૦ ચો.મી. જમીનનો ભરૂચ શહેરના સીટી સર્વે દફતરે સમાવેશ થતા, સીટી સર્વે ભરૂચ, સીટી સર્વે વોર્ડ : તવરા(બીનખેતી), સીટી સર્વે નંબર : એનએ૧૫૧/૧ થી એનએ૧૫૧/૫૧ સુધીના પાનીયા બનાવવામાં આવેલ છે, અને તે અનુસાર બૌડા દ્વારા મંજુર થયેલ પ્લાન મુજબ રે.સ./બ્લોક નં. ૧૫૧/૧ થી ૧૫૧/૪૯, તથા ૧૫૧/૫૨ થી નોંધાયેલ ૬૨૪૦.૦૯ ચો.મી. જમીન અંગે સીટી સર્વે નંબર : એનએ૧૫૧/૧ થી એનએ૧૫૧/૫૦ બનેલ છે તથા કપાત વાળા રે.સ./બ્લોક નં. ૧૫૧/૫૦, ૧૫૧/૫૧ વાળી ૪૧૫૯.૯૧ ચો.મી. જમીન અંગેના સીટી સર્વે નંબર : એનએ૧૫૧/૫૧ વાળુ (બન્ને રે.સ./બ્લોક નંબરનું એકત્ર) પાનીયુ બનેલ.

ત્યારબાદ મોજે ગામ : તવરાના સીટી સર્વે દફતરે સીટી સર્વે ભરૂચ, સીટી સર્વે વોર્ડ : તવરા(બીનખેતી), સીટી સર્વે નં એનએ૧૫૧/૧ થી એનએ૧૫૧/૫૦ થી નોંધાયેલ ૬૨૪૦.૦૯ ચો.મી. જમીન અંગે સીટી સર્વે નંબર એકત્ર કરવા તેમજ હદ અને ક્ષેત્રફળમાં તે મુજબ સુધારા અંગે મહે. સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબશ્રી, ભરૂચના દ્વારા તેમના હુકમ ક્રમાંક : સીટીએસ/વોર્ડ - તવરા (બિનખેતી)/એકત્ર હુકમ / વશી / ૨૦૨૨ થી તારીખ : ૧૯/૦૯/૨૦૨૨ ના રોજથી હુકમ કરી, સીટી સર્વે નંબર : એનએ૧૫૧/૧ થી એનએ૧૫૧/૫૦ એકત્ર કરી નવો સીટી સર્વે નંબર : એનએ૧૫૧/૧ અને તે મુજબ ક્ષેત્રફળ ૬૨૪૦ ચો.મી. ચાલુ કરવામાં આવેલ અને સીટી સર્વે નંબર : એનએ૧૫૧/૨ થી એનએ૧૫૧/૫૦ ના પ્રોપર્ટીકાર્ડ બંધ કરવામાં આવેલ. જે અંગેની નોંધ સીટી સર્વે દફતરેમાં નોંધ નંબર : ૧૦૯ થી તારીખ : ૧૯/૦૯/૨૦૨૨ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૩૦/૦૯/૨૦૨૨ ના રોજ પ્રમાણીત થયેલ.

આમ, મોજે ગામ : તવરાના રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૧૫૧ યાને કે.જે.પી. બાદ રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૧૫૧/૧ થી ૧૫૧/૫૨ વાળી ૧૦૪૦૦ ચો.મી. જમીન કે જે બૌડા દ્વારા કપાત બાદ મંજુર થયેલ પ્લાન મુજબ કાયમ કરેલ ૬૨૪૦.૦૯ ચો.મી. છે તે બિનખેતી થયેલ જમીન મિલકત, તેના માલીકો (૧) જગદીશભાઇ પરસોત્તમભાઇ પટેલ, (૨) બીપીનભાઇ જગનભાઇ સોલંકી તથા (૩) કાર્તિકભાઇ ભગવાનભાઇ સોલંકી પાસેથી **॥ તવરા ડેવલોપર્સ ॥** નામની ભાગીદારી પેઢીએ વેચાણ રાખેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે.સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી(ભરૂચ)ની કચેરીમાં અનુક્રમ નંબર : ૧૦૩૧૪ થી તારીખ : ૦૯/૦૯/૨૦૨૨ ના રોજ નોંધાયેલ. જે અંગેની નોંધ સીટી સર્વે દફતરે સીટી સર્વે ભરૂચ, સીટી સર્વે વોર્ડ : તવરા(બીનખેતી), સીટી સર્વે નંબર : એનએ૧૫૧/૧ પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નંબર : ૧૧૦ થી તારીખ : ૧૩/૧૦/૨૦૨૨ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૧૯/૧૧/૨૦૨૨ ના રોજ પ્રમાણીત થયેલ.

વધુમાં, મજકુર જમીનના માલીક **॥ તવરા ડેવલોપર્સ ॥** નામની ભાગીદારી પેઢી કે જે તારીખ : ૧૨/૦૭/૨૦૨૨ ના રોજ, નોટરી એન્ડ એડવોકેટ દેવચંદ બી. પટેલ સાહેબશ્રીના રજીસ્ટરમાં સીરીયલ નંબર : ૧૬૩૩, તારીખ : ૧૩/૦૭/૨૦૨૨ થી નોટરાઇઝ થયેલ ભાગીદારી પેઢીના લેખથી અસ્તિત્વમાં આવેલ છે, અને જેના હાલના ભાગીદારો (૧) હરેશ અરવિંદભાઇ પટેલ, (૨) દિવ્યેશકુમાર કાનજીભાઇ ગોળકિયા, (૩) નવીનભાઇ બાબુભાઇ સોનાણી, (૪) શશીકાંત વેલજીભાઇ ભીકડીયા, (૫) રૂષભ રાજેશભાઇ સુરાણી, (૬) નિતીનકુમાર ગોરધનભાઇ મોણપરા, (૭) મિતુલભાઇ બાબુભાઇ લાઠીયા, (૮) કલ્પેશકુમાર દુર્લભજીભાઇ ખેની, (૯) હરદેવસિંહ બલવંતસિંહ રાઠોડ તથા (૧૦) અભયભાઇ હરજીભાઇ ગોંડલીયા ચાલી આવેલ છે.

GOVT. OF INDIA
REG. NO. 22057
EXPIRY DATE 28-05-2020

# Kamlesh D. Khunt

B.Com., LL.B.
ADVOCATE & NOTARY
( Govt. of INDIA )
Mo. : 98253 74551



અને સદર ભાગીદારી પેઢી રજીસ્ટ્રાર ઓફ ફર્મ કચેરી, વડોદરા ખાતે ફર્મ નં. જીયુજેવીએ ૨૦૧૮૦૭ થી નોંધાયેલ છે.

આમ, **મોજે ગામ : તવરાના રેવન્યુ સર્વે/બ્લોક નંબર :૧૫૧** ( કે.જે.પી. બાદ રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૧૫૧/૧ થી ૧૫૧/૫૨ થી નોંધાયેલ જમીન કે જેનુ કુલ્લે ક્ષેત્રફળ ૧૦,૪૦૦.૦૦ ચો.મી. કે જેનો બૌડા દ્વારા કપાત બાદ મંજુર થયેલ પ્લાન મુજબ કાયમ કરેલ ૬૨૪૦.૦૯ ચો.મી. જમીન મિલકત તથા સીટી સર્વે દફતરે સીટી સર્વે ભરૂચ, વોર્ડ : તવરા(બીનખેતી), સીટી સર્વે નં. એનએ૧૫૧/૧ થી એનએ૧૫૧/૫૦ કે જેનું કુલ્લે ક્ષેત્રફળ ૬૨૪૦.૦૯ ચો.મી. કે જેના એકત્રીકરણ બાદ નવો **સીટી સર્વે નં. એનએ૧૫૧/૧** અને તે મુજબ ક્ષેત્રફળ **૬૨૪૦ ચો.મી.** છે તે બિનખેતી થયેલ જમીન મિલકત, **॥ તવરા ડેવલોપર્સ ॥** ના નામની ભાગીદારી પેઢીના કબજા, ભોગવટા, વહીવટ હેઠળની ચાલી આવેલ અને જેઓ દ્વારા સદરહુ જમીન ઉપર **॥ ગોલ્ડન લકઝરીયા ॥** ના નામથી રહેણાંકના હેતુ માટે હાઇરાઇઝ બિલ્ડીગોનું આયોજન કરી તેમાં રહેણાંકના હેતુ માટે ફલેટો બનાવવાના છે. તે પ્રોજેકટવાળી જમીન પુરતો જ આ ટાઇટલ અંગેનો રીપોર્ટ મારી રૂબરૂ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને આધારે આપવામાં આવેલ છે. જે અંગે મારા તરફથી સદર જમીન મિલકત અંગે તેને લાગુ સબ- રજીસ્ટ્રાર કચેરી ભરૂચ ખાતે છેલ્લા ૩૦ વર્ષની તપાસ કરવામાં આવેલ છે અને તેના આધારે સદર મિલકતના ॥ તવરા ડેવલોપર્સ ॥ નામની ભાગીદારી પેઢીના માલીકીપણા અંગેના ટાઇટલ ચોખ્ખે ચોખ્ખા, કલીયર, બોજામુકત અને માર્કેટેબલ છે.

## :: પ્રમાણપત્ર ::

ભરૂચ ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ભરૂચ તાલુકાનાં **મોજે ગામ : તવરાના રેવન્યુ સર્વે/બ્લોક નંબર :૧૫૧** ( કે.જે.પી. બાદ રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૧૫૧/૧ થી ૧૫૧/૫૨ થી નોંધાયેલ જમીન કે જેનુ કુલ્લે ક્ષેત્રફળ ૧૦,૪૦૦.૦૦ ચો.મી. કે જેનો બૌડા દ્વારા કપાત બાદ મંજુર થયેલ પ્લાન મુજબ કાયમ કરેલ ૬૨૪૦.૦૯ ચો.મી. જમીન મિલકત તથા સીટી સર્વે દફતરે સીટી સર્વે ભરૂચ, વોર્ડ : તવરા (બીનખેતી), સીટી સર્વે નં. એનએ૧૫૧/૧ થી એનએ૧૫૧/૫૦ કે જેનું કુલ્લે ક્ષેત્રફળ ૬૨૪૦.૦૯ ચો.મી. કે જેના એકત્રીકરણ બાદ નવો **સીટી સર્વે નં. એનએ૧૫૧/૧** અને તે મુજબ ક્ષેત્રફળ **૬૨૪૦ ચો.મી.** છે તે બિનખેતી થયેલ જમીન મિલકત તથા તેને લાગતા-વળગતા અંદરના તથા બહારના તમામ હકક-અધિકાર સહિત દરોબસ્ત અંગેના માલીકી, કબજેદાર તરીકેના હકક **॥ તવરા ડેવલોપર્સ ॥** નામની ભાગીદારી પેઢીના ચાલી આવેલા છે. જેઓના માલીકી અંગેના ટાઇટલ કલીયર, સંપુર્ણ અને માકેટેબલ અને બોજા મુકત છે.

NOTARY KAMLESH D. KHUNT SURAT CITY (GUJ.) REG. NO. 22057 EXPIRY DATE 28-05-2020 GOVT. OF INDIA

--------------------------------

**કમલેશ ડી. ખુંટ**
( એડવોકેટ & નોટરી )

સદરહુ મિલકત અંગે તેને લાગુ સબ-રજીસ્ટ્રાર કચેરી, જી. ભરૂચ ખાતે છેલ્લા સંબધિત રેકર્ડની ૩૦ વર્ષની તપાસ કરતા તથા સરકારી અનીરોર પોર્ટલે રેવન્યુ રેકર્ડ તપાસ કરતા સદરહુ મિલકત ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો ચાર્જ, બોજો કે લીયન, યા લીઝ પેન્ડન્સી નોંધાયેલ માલુમ પડતા નથી. તેમજ તેને સંબધિત રેવન્યુ રેકર્ડ તથા મારી રૂબરૂ નીચે મુજબ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા સદર મિલકતના હાલના માલીકના માલીકીપણા અંગેના ટાઇટલ બોજા મુકત, ચોખ્ખા અને માર્કેટેબલ માલુમ પડે છે.

Office : 501, 5th Floor, Sterling Point, Above Arihant jewelers, Hans Society, Beside Axis Bank, Varachha Main Road, Surat-395006

# Kamlesh D. Khunt

B.Com., LL.B.

**ADVOCATE & NOTARY**

**( Govt. of INDIA )**

**Mo. : 98253 74551**


૬..

**મારા તરફથી ચકાસણી કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓનું લિસ્ટ**

૧. ॥ **તવરા ડેવલોપર્સ** ॥ ભાગીદારી પેઢીના નામનો અનુક્રમ : ૧૦૩૧૪ થી તારીખ : ૦૯/૦૯/૨૦૨૨ ના રોજ રજીસ્ટર્ડ થયેલ વેચાણ દસ્તાવેજ, રજીસ્ટ્રેશન પહોચ તથા ઇન્ડેક્ષ-૨ની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૨. ॥ **તવરા ડેવલોપર્સ** ॥ ભાગીદારી પેઢીની ભાગીદારી ડીડની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૩. ॥ **તવરા ડેવલોપર્સ** ॥ ભાગીદારી પેઢીના પાનકાર્ડની પ્રમાણિત પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૪. ગામ નમુના નંબર : ૭/૧૨, ૮-અ ની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૫. ગામ નમુના નંબર : ૬ ની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૬. સીટી સર્વેની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૭. અગ્રહકકધારી માલીકના નામે કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૮. બિનખેતીના હુકમની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૯. બાંધકામ પરવાનગીની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૧૦. રીવાઇઝડ બાંધકામ પરવાનગીની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૧૧. એકત્રીકરણ અંગેના બૌડાના હુકમની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૧૨. એકત્રીકરણ અંગેના સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટના હુકમની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૧૩. સીટી સર્વેની પ્રમાણીત નકલ

૧૪. મંજુર થયેલ રીવાઇઝડ લે-આઉટ પ્લાનની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.

૧૫. શોધની રસીદ તથા બોજા પત્રકની અસલ નકલ.

NOTARY KAMLESH D. KHUNT SURAT CITY (GUJ.) NO. 22067 EXPIRY DATE 25-05-2025 GOVT. OF INDIA

-----------------------------------

**કમલેશ ડી. ખુંટ**

( એડવોકેટ & નોટરી )